R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ? (હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 14 DATE: 06-04-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## દેશની વર્તમાન હાલત સામે નિર્માતાઓ,લેખકો પછી ૧૫૦ વૈજ્ઞાનિકોએ અસમાનતા વિરુધ્ધ મતદાનની અપીલ કરી

દેશના ફિલ્મ નિર્માતાઓ,લેખકો, અને ૧૫૦થી વધુ વૈજ્ઞાનિકોએ 'મોબ લિચિંગ' અર્થાત ટોળા દ્વારા થતી હત્યા સાથે જોડાયેલા લોકોને વોટ નહીં આપવા અપીલ કરી છે.આની સાથે જ અસમાનતા,ભેદભાવ અને ભયના માહોલ વિરુધ્ધ વોટ કરવાનું ભારપુર્વક કહ્યું છે. મીડીયા અહેવાલ અનુસાર ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, ઇન્ડીયન સ્ટેટિકલ ઇન્સ્ટીટ્યુટ, અશોકા યુનીવરસીટી,અને ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુ ઓફ ટેકનોલોજીના વૈજ્ઞાનિકોએ અપીલ કરવામાં સામેલ છે. ૧૫૦થી વધુ વૈજ્ઞાનિકો દ્વારા કરાયેલા નિવેદનમાં કહેવાયું છે કે આપણે એવા લોકોને હટાવી દેવા જોઇએ, જે લોકોને મારવા પર પ્રોત્સાહિત કરે છે કે પછી એમની પર હુમલા કરે છે. જે લોકો ધર્મ, જાતિ,લિંગ, ભાષા કે ક્ષેત્રના વિશેષના કારણે ભેદભાવ કરે છે. આ સાથે તેમણે એમ પણ કહ્યુ હતું કે દેશની વર્તમાન હાલતમાં વૈજ્ઞાનિકો,કાર્યકર્તા અને તર્કવાદી લોકો ગભરાઇ ગયા છે.અસહમતી દર્શાવનારને હેરાન કરવા, જેલમાં બંધ કરવા, હત્યા કરવા જેવી ઘટના બની રહી છે. આ વૈજ્ઞાનિકોએ મતદારોને અપીલ કરી છે કે આવો માહોલ ખતમ કરવા માટે ખુબ વિચારીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરજો. આ સાથે મતદારોને વૈજ્ઞાનિક સ્વાભાવ પ્રત્યે પોતાના બંધારણીય કર્તવ્યે યાદ રાખવાનો ઉલ્લેખ કરાયો છે.આ પહેલાં ૨૦૦થી વધૂ લેખકો,કલાકારો પમ આ પ્રકારની અપીલ કરી ચુક્યા છે.

ઇન્ડીયન રાઇટર્સ ફોરમ દ્વારા કરાયેલી અપીલમાં લેખકોએ કહ્યુ છે કે આ મતદાન ભારતની વિવિધતા અને સમાનતાના અધિકાર માટે હશે.એનાથી ભારતીય સંવિધાનના મુળભુત મુલ્યોને બચાવવામાં મદદ મળશે.છેલ્લે નિર્ણય ભારતના મતદારોએ કરવાનો છે.

## ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડના વચેટીયા મિશેલે ઇડી દ્વારા દાખલ કરાયેલી ચાર્જશીટને દિલ્હીની કોર્ટમાં પડકારી

ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઇપી ચોપર કૌભાંડમાં પકડાયેલા વચેટીયા ક્રિશ્ચિયન મિશેલે ઇડીની સપ્લિમેન્ટ્રી ચાર્જશીટને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં પડકારી છે. ઇડી દ્વારા દાખલ કરાયેલી ચાર્જશીટ સૌથી પહેલા મીડીયામાં ફેલાય છે અને બાદમાં અમારા સુધી આવે છે. ઇડી દ્વારા મારા હવાલે જે નામ જાહેર કરવામાં આવ્યા છે તેવા કોઇ નામનો ખુલાસો મે કર્યો જ નથી. તેણે જણાવ્યુ હતું કે મે હજી સુધી એજન્સી સામે તપાસમાં કોઇ નામ જણાવ્યા નથી.છતાં મારા હવાલે મીડીયામાં કેટલાક નામો ફરતાં થઇ ગયા છે.

બીજી તરફ વડાપ્રધાન મોદી અને ભાજપના અન્ય નેતાઓએ ઇડીની ચાર્જશીટના આધારે કોંગ્રેસ પર હુમલા કર્યા છે.જેના માટે આ સરકાર જાણીતી છે તે પ્રમાણે સરકાર વર્તી રહી છે. જ્યાં સુધી આરોપો સિધ્ધ ના થાય ત્યાં સુધી કોઇના નામોનો ઉલ્લેખ કરીને તેમને બદનામ ના કરી શકાય પરંતુ ચુંટણીમાં જેટલો ફાયદો લઇ શકાય તે લઇ લેવાની ગણતરીઓથી આ બધી કાર્યવાહી થતી જણાય છે.કોંગ્રેસે ઇડીની ચાર્જશીટ અને ભાજપના નેતાઓના આક્ષેપો ખોટા ગણાવ્યા છે.કોંગ્રેસે ભાજપ ઉપર કાયદાના નામે રાજકીય લાભ લેવાનો આરોપ મુક્યો હતો.

## ભાજપને મત ન આપવા માટે હવે ૬૦૦ જેટલા નાટ્યકારોની લોકોને અપીલ

લોકસભાની ચુંટણી ૨૦૧૯માં હવે ગીરીશ કર્નાડ,નસીરુદીન શાહ,અમોલ પાલેકર,રત્ના પાઠક,સહિતના ૬૦૦ જેટલા ફિલ્મી કલાકારો નાટ્યકારોએ લોકોને અપીલ કરી છે કે તેઓ ભાજપ અને તેના સાથી પક્ષોને વોટ ન આપે.થિયેટર અને આર્ટ સાથે જોડાયેલા ૬૦૦થી વધુ હસ્તીઓએ ભાજપને વોટ ન આપવાની અપીલ કરી છે. આ તમામ હસ્તીઓએ એક પત્ર લખીને લોકોને કહ્યુ છે કે વોટ આપીને ભાજપ અને તેના સાથીદારોને સત્તામાંથી દુર કરો. આ નાટ્યકારો અને અન્ય કલાકારોએ અપીલ કરી છે કે બંધારણની રક્ષા કરો અને કટ્ટરતા,ઘ્રુણા.અને નિષ્ઠુરતાને સત્તામાંથી બહાર ફેકી દો.

આ અપીલ હસ્તાક્ષર કરનારાઓમાં નાટ્યકાર ગિરીશ કર્નાડ,મહેશ એલ કુંચવાર,અમોલ પાલેકર,નસીરુદીન શાહ, રત્ના પાઠક,કોંકણાસેન શર્મા,નિર્દેશક અનુરાગ કશ્યપ,અનુરાધા કપુર, અનામિકા હકસર,અને અતુલ કુમાર, પુરસ્કાર વિજેતા કઠપુતળી કલાકાર દાદી પુદુમજી અને અનુરુપા રોય, રંગા શંકર, અરુણ નાગર,નાગેન્દ્ર, એમ કે રૈના, અને ઉષા ગાંગુલી જેવી હસ્તીઓ પણ સામેલ છે.આ કલાકારોએ કહ્યુ હતું કે ભારતની અને તેનું બંધારણ જોખમમાં છે ભાજપને વોટ ન આપશો.આમ ફિલ્મ જગતમાંથી ભાજપને નન્નયો આપ્યો

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ભારત વિશ્વમાં સહુથી વધુ વેરાની વસુલાત કરતો દેશ છે : ડોનાલ્ડ ટ્રમ્પ



ભારત વિશ્વમાં સૌથી વધુ ટેક્સની વસુલાત કરતાં દેશોમાંથી એક છે તેવો આક્ષેપ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કર્યો છે.તેમણે આઇકોનિક હાર્લી ડેવીડસન મોટરબાઇક સહિત અમેરીકી પેદાશો પર ૧૦૦ ટકા જકાત લાદવા માટે ભારતની ફરી એકવાર ટીકા કરી હતી.નેશનલ રિપબ્લિકન કોંગ્રેસનલ કમિટીના એક સમારંભમાં ટ્રમ્પે કહ્યુ હતું કે આટલો ઊંચો જકાતનો દર યોગ્ય નથી.ઉલ્લેખનીય છે કે આ વર્ષની શરુઆતમાં ટ્રમ્પે કહ્યુ હતું કે તેઓ હાઇ-એન્ડ હાર્લી ડેવીડસન પર આયાત જકાતનો દર ૧૦૦ ટકાથી ઘટાડીને ૫૦ ટકા કરવાના ભારતના નિર્ણયથી સંતુષ્ઠ છે. જો કે આ દર પુરતો નથી. પરંતુ ચાલશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

ટ્રમ્પે અનેક વખત દાવો કર્યો છે કે ભારત એક ટેરિફ કિંગ છે અને તેણે અમેરિકન પેદાશો પર મોટાપાટે દરો લાદ્યા છે.ટ્રમ્પે ઉમેર્યુ હતુ કે મને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી કોલ આવ્યો હતો. ભારત વિશ્વમાં સૌથી વધુ ટેક્સ લેતા દેશમાં સ્થાન ધરાવે છે તેઓ ૧૦૦ ટકા સુધી વેરો લે છે. ભારતીય જકાત દરના માળખા પર આકરી ટિપ્પણી કરતાં ટ્રમ્પે ઉમેર્યુ હતું કે ભારત અનેક ચીજો પર ૧૦૦ ટકા જકાત વસુલે છે તેઓ એક મોટરસાઇકલ મોકલે છે તો તેમાંથી અને ભારતીય મોટરસાઇકલ બની જાય છે.તેઓ એ સાઇકલો અમારા દેશમાં મોકલે છે અને અમે તેના પર કંઇ કરી શકતા નતી. અમે હાર્લી ડેવીડસન મોકલીએ તો તેઓ ૧૦૦ ટકા ચાર્જ લે છે તે યોગ્ય નથી.

## યુએઇનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નવાજાયા

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યુએઇનો સર્વોચ્ચ પુરસ્કાર જાયદ મેડલથી સન્માનિત કરવામાં આવશે.યુએઇના રાષ્ટ્રપતિ શેખ ખલીફાએ આ અંગે ટ્વીટ કરીને જાણકારી આપી હતી.



ઝાયેદ મેડલ યુએઇનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે.જે રાજા,રાષ્ટ્રપતિ કે પછી રાષ્ટ્રપ્રમુખને એનાયત કરવામાં આવે છે.વડાપ્રધાન મોદીને આ સન્માન બંને દેશ વચ્ચેની લાંબા ગાળાની મિત્રતા અને સંયુક્ત રણનીતીક સહયોગને મજબુત બનાવવામાં તેમની ભુમિકા બદલ આપવામાં આવ્યુ છે.આ સન્માન અંગે અબુધાબીના ક્રાઉન પ્રિન્સ અને યુએઇની સેનાના નાયબ સુપ્રીમ કમાન્ડર શેખ મોહમદ બિન જાયદ અલ નહયાને જણાવ્યું હતું કે ભારતીય વડાપ્રધાને દ્વિપક્ષીય સબંધોના વ્યાપક વ્યુહાત્મક સંબધોના સ્તરને સુધારવામાં મહત્વપુર્ણ ભુમિકા ભજવી છે. તેમણે જણાવ્યુ હતું કે અગાઉ પ્રિય મિત્ર ભારતીય વડાપ્રધાનને ઝાયેદ મેડલ પ્રદાન કરીને અમે મૈત્રીભર્યા સબંધો વિકસિત કરવા અને ભિન્ન ક્ષેત્રેમાં સંયુક્ત આરબ અમિરાત અને ભારત વચ્ચે સહયોગ વધારવા તેમની ભુમિકા અને પ્રયાસો બદલ તેમની પ્રશંસા કરીએ છીએ.બંને દેશો વચ્ચે સહકાર વધે તે માટે ભાવાત્મક વાતાવરણ કેળવવા માટે તેમના પ્રયાસો છે. તેમ ખલીજ ટાઇન્સમાં કહેવાયું છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવક્રાંતિ

દેશમાં આજદિન સુધી થતી આવેલી ચુંટણીણોમાં રાજકીય પક્ષોના પ્રપંચો ,દાવપેચ,કાયદાની છટકબારીઓનો દુરપયોગ,અને સત્તા પર બેઠેલા સત્તાધારીઓ દ્વારા સરકારી મશીનરીઓનો દુરપયોગ જગજાહેર છે અને તેના માટે વિરોધીઓ દ્વારા ચુંટણીપંચમાં થતી ફરિયાદોનો લગભગ કોઇ ઉકેલ મળતો નથી.દેશમાં ચુંટણીઓમાં ઉમેદવારો માટે ખર્ચ કરવાની મર્યાદાઓ નક્કી કરેલી છે પરંતુ આજદીન સુધી કોઇ ઉમેદવારે ખરેખર મર્યાદામાં ખર્ચ કરીને ચુંટણી જીતી હોય તેવું બન્યું નથી.ચુંટણી પંચની આ બધી બાબતોમાં નિરર્થક કસરતો જોવા મળી છે. ચુંટણી પતી જાય પછી બધું શાંત પડી જાય છે. થોડાક કેસમાં વાદવિવાદ કે કોર્ટમાં આખરે સમાધાન થઇ જાય છે. કેટલાક કેસોમાં ચુંટણી અધિકારીઓ દ્વારા સત્તાધારીઓની તરફેણમાં પલ્લુ નમી જાય છે તેવા કેટલાક વિવાદિત કેસો બન્યા છે પરંતું તેમાં પણ ન્યાયિક કે ઉચિત તરફેણ થતી નથી.

૨૦૧૯ની ચુંટણી એટલે વીજાણુ માધ્યમો અને પ્રીન્ટ માધ્યમો દ્વારા થતી રસાકસી.છેલ્લા કેટલાક મહિનાઓથી ચુંટણી જાહેર થાય તે પહેલાં સરકારે તેમના માનીતા અખબારોને જાહેરખબરોથી ભરી લઇને તેમની ઝોળીઓ છલકાવી દીધી.હવે ચુંટણી આચાર સંહિતા પ્રિન્ટ માધ્યમોને નડી રહી છે. પરંતુ વિજાણુ માધ્યમોનો દુરપયોગ ચાલુ છે.અને તેમાં વિશેષ પ્રસારણો કરવા પર ચુંટણી પંચ રોક લગાવી શકે તેમ નથી.

ચેનલો સબંધી નવો વિવાદ શરુ થયો છે.આ વિવાદમાં સીધી કે આડકતરી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટુકાક્ષરે શરુ થયેલી નમો ટીવી ચેનલ છે.સંખ્યાબંધ ડીટીએચ પ્લેટફોર્મ પર આ ચેનલ આપોઆપ દેખાતી થઇ છે.મતલબ કે ગ્રાહકને આ ચેનલ પસંદ કરવી છે કે નહીં તેનો કોઇ વિકલ્પ જ આપવામાં આવ્યો નથી.આ પહેલાં ટ્રાઇએ ગ્રાહકોને પોતે સિલેક્ટ કરેલી ચેનલ જોવાની છે તે નક્કી કરવાની છે. ગ્રાહકે સિલેક્ટ ના કરી હોય તેવી ચેનલ પરાણે પેકેજમાં ઉમેરી શકાય નહી.ટાટા સ્કાય દ્વારા એવું કહેવાયું કે આ એક હિન્દી ન્યુઝ ચેનલ છે જે સ્પેશયલ માર્કેટીંગના ભાગરુપે દેખાડવામાં આવી રહી છે.કોઇપણ ન્યુઝ ચેનલે સરકાર પાસેથી લાયસંસ મેળવવું જરુરી છે પરંતુ આ કેસમાં એવું થયું નથી.જ્યારે આ બાબતનો વિરોધ થયો ત્યારે સરકાર તરફથી કહેવાયું કે બધુ બરાબર છે તેને કોઇ લાયસંસની જરુર નથી.

ભાજપના નેતાઓ અને ચુંટણી સબંધિત પ્રચાર કોઇ ચોક્કસ નંબરથી દેખાડાય તો તેની સેવા મુલ્યવર્ધક કહેવાય.આ ચુંટણી ખર્ચમાં લાગુ પડે કે કેમ.પરંતુ સરકાર તરફથી ખુલાસાઓ કરવામાં આવ્યા કે સેવા એક સંપુર્ણ ચેનલ નહીં હોવાથી તેમાટે કોઇ મંજુરી લેવાની જરુર નથી.સરકારમાં બેઠેલા કેટલાક વકીલો પોતાની મનઘડત દલીલો કરીને સત્યને અસત્યમાં અને અસત્યને સત્યમાં ફેરવી નાંખવાની ઉત્સાદી ધરાવે છે તેમણે મુદ્દાને ઠેકાણે પાડી દીધો.

આ પ્રકારની વિવિધ કાયદાઓની છટકબારીઓનો દુરપયોગ કરીને શાસક પક્ષ જે કરી રહ્યો છે તે યોગ્ય તો નથીજ.રાજકીય નૈતિકતાના ધોરણો નેવે મુકાય તે માટે આજકાલના સત્તાધારીઓને મન આ તેમની વિદ્વતાની સિધ્ધિ ગણાવે છે પરંતુ તે ખરેખર યોગ્યતા માપ પ્રમાણે બિલકુલ અયોગ્ય છે તેમ ચોક્કસપણે કહી શકાય.

૨૦૧૯ના ચુંટણીના શરુઆતના માહોલમાં જ આ બધુ જોવા મળે છે ત્યારે ચુંટણી પુર્ણતાને આરે પહોચશે ત્યાં સુધી આવા અનેક દાવપેચ જોવા મળશે.




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# અમેરિકામાં વસતા હજારો ભારતીય ટેકનોક્રેટસ માટે કપરો સમય,સ્વદેશ પરત ફરવા મજબુર બનશે : ટ્રમ્પ વહીવટીતંત્રએ નીતિ બદલતાં ભારતીયો માટે મુશ્કેલી વધી

અમેરિકામાં વસતાં હજારો ભારતીય ટેકનોક્રેટ્સ માટે હાલ મુશ્કેલીભર્યા દિવસો ચાલી રહ્યા છે. અમેરિકી સરકારે તેમના વિઝાની મુદ્દત લંબાવવાનો ઈન્કાર કરી દેતા તેમને ભારત પરત ફરવા ફરજ પડી શકે છે. અમેરિકનોને વધુ પ્રમાણમાં નોકરી મળે તેવા હેતુથી નીતિમાં ફેરફાર કરાતાં આ સ્થિતિ ઊભી થઇ છે.આમાંથી કેટલાક ટેકનોક્રેટસ હજુ પણ નવા એચ-૧બી વીઝા ફાઈલ કરવાના મામલે ઘર્ષણ કરી રહ્યા છે.હવે અનેક આઈટી નિષ્ણાંતો પાસે સ્વદેશ ફરવા સિવાય કોઇ વિકલ્પ બચતો નથી. અનેક અરજીઓના સીધા ઈન્કારમાં વધારા ઊપરાંત પુરાવા માટેની વિનંતીની સંખ્યામાં પણ તીવ્ર વધારો થયો છે. અમેરિકી સત્તાવાળાઓ નોટિસના સ્વરુપમાં વિઝાના અરજદારો પાસેથી વધુ માહિતી અને દસ્તાવેજો માંગે છે. આને કારણે વિઝાની પ્રક્રિયામાં વિલંબ થતો હોય એવું નથી પરંતુ કંપનીઓના ખર્ચમાં પણ વધારો થાય છે. નવ મહિના અગાઉ ભારત પ રત આવેલા એક એન્જીનીયરે જણાવ્યુ હતું કે અમેરિકામાં જન્મેલા બાળક સાથે શિફ્ટ થવું પડકારજનક છે.

જો કે આ અઠવાડિયે જ યુએસસીઆઇએસે કહ્યુ હતું કે તે એચ -૧બી વિઝા, ભારતીય આઈટી કંપનીઓની પ્રીમીયમ પ્રોસેસિંગને ચાલુ રાખશે તેમજ ભારતીય આઈટી કંપનીઓ હજુ પણ વિઝાના એક્સ્ટેન્શનના મામલે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.ઉદ્યોગના



નિષ્ણાતોનું કહેવું છે કે વિઝા પ્રોસેસ કડક બનાવવાનું પગલું મુખ્યત્વે અમેરિકનો માટે વધુ નોકરી મેળવવાની દિશામાં ધ્યાન રાખવા માટે લેવાયું છે.

# સોશ્યલ મીડીયા પર પ્રચાર પણ ચુંટણી ખર્ચમાં ગણી લેવાશે

ભારતમાં ૨૦૧૯ની લોકસભાની ચુંટણીની તારીખો જાહેર થઇ છે.આ સાથે જ આચાર સંહિતા પણ લાગુ થઇ ગઇ છે.જેમાં આ વખતે સોશ્યલ મીડીયાના ઉપયોગ અંગે પણ લગામ મુકવાનું ચુંટણીપંચે નક્કી કર્યું છે.અગાઉ ૨૦૧૪માં સોશ્યલ મીડીયા ગેમ ચેન્જર સાબિત થયું હતું. આ વખતની સામાન્ય ચુંટણીમાં ચુંટણી પંચ આ મામલે સજ્જ છે. અને સોશ્યલ મીડીયા પર રાજકીય પક્ષોને પ્રચારનો લાભ લેવા અંગે મર્યાદા મુકી છે. સામાન્ય ચુંટણીઓની તારીખો જાહેર કરતાં મુખ્ય ચુંટણી કમિશ્નર સુનિલ અરોરાએ કહ્યુ હતું કે ચુંટણીપંચ દ્વારા ઓનલાઈન પ્રચાર પર નજર રાખવામાં આવશે.તેમણે કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા પર રાજકીય જાહેરાતો અંગે પ્રિ-સર્ટીફીકેશન અનિવાર્ય બનશે. આ જાહેરાતો પાર્ટીના ચુંટણી ખર્ચનો હિસ્સો પણ ગણાશે.

અરોરાએ કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ્સ જેમકે ગુગલ,ફેસબુક, યુટ્યુબ અને ટ્વીટરમાં તમામ રાજકીય જાહેરાતો સર્ટીફાઇડ કરાશે. આ પ્લેટફોર્મ તેમના પ્લેટફોર્મ પર રાજકી જાહેરાતોને હાઈલાઈટ કરી શકશે.જ્યારે ફેસબુક અને ગુગલે આ માટે સમર્પિત ગ્રિએવન્સ ઓફિસરની નિમણુંક કરી છે કે જેથી ચુંટણી પંચની માર્ગદર્શિકાનું ક્યાંય ઉલ્લંઘન થાય તો તેના માટે કાર્યવાહી કરી શકાય. અરોરાએ કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા એક્સપર્ટ મીડીયા સર્ટીફીકેશન અને મોનિટરીંગ કમિટીનો હિસ્સો બનશે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



## નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

### માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)

| | |
|---|---|
| ૧.પ્રકાશન સ્થળ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટીકોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |
| ૨.પ્રકાશનની સામાયિકતા | : સાપ્તાહિક |
| ૩.માલિક,મુદ્રક,પ્રકાશક | : રોબિન જે. ધોળકીયા |
| નાગરીકતા | : ભારતીય |
| સરનામુ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ, પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |
| ૪.તંત્રીનુ નામ | : રોબિન જે.ધોળકીયા |
| નાગરીકતા | : ભારતીય |
| સરનામુ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૬-૪-૨૦૧૯ — રોબિન જે.ધોળકીયા
સ્થળ:અમદાવાદ. — માલિક,મુદ્રક,પ્રકાશક અને તંત્રી.

# ગરીબી-ઉન્મુલનની વાતો કરી, છતાં ઘટી નથી

દેશમાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ગરીબ સમાજ અને સરકારી પગલાંઓ વિશે વાત કરી. પંડિત નહેરુના સમયથી અત્યાર સુધીનો ટુંકો ઈતિહાસ જોયો. રોટી,કપડાં ઔર મકાન અને ગરીબી હટાવોવાળા અર્થતંત્રમાંથી બહાર આવીનો આપણે આર્થિક ઉદારીકરણની દિશા પકડી છે.પ્રારંભ સારો હતો, પણ પછી વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડાઈ જતાં વિવિધ પ્રશ્નો આપણી સમક્ષ આવ્યા અને ગરીબી અને ગરીબીની વાત કરીએ ત્યારે કેટલીક વાતો ખાસ નોંધ માગી લે છે.આપણે દેશને જાણે ઈન્ડીયા અને ભારત એમ બે વિભાગમાં વહેચી દીધો છે.જે વિકસિત,સુધરેલું,ચમકદમવાળું દેખાય છે તે દેશનું નામ ઈન્ડીયા છે અને ગંદકી,અભાવ,ભિક્ષુકોના ટોળા, ઝુંપડપટ્ટીઓ, ગંદા ગોબરા ફરતા લોકો,રાશનની ,રેલ્વે કે બસના પાસ કઢાવવાની કે એ પ્રકારની લાઈનોમાં ઉભુ રહેવું તે ભારત છે.જે કડકડાટ અંગ્રેજી બોલે છે તે ધનવાન ઈન્ડીયા છે.જે ગામઠી બોલી ,શૈલી અને રહેણી કરણીમાં છે તે ગરીબ ભારત છે. સુટેડ બુટેડ ધનવાન ઈન્ડીયા છે, ફાળિયુ,પાઘડી,ટોપી ધોતીયું, એ ગરીબ ભારત છે.આવી બધી વિભાવનાઓ વચ્ચે પણ એક હકીકત છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘના અંદાજ મુજબ દુનિયાના ૨૫ ટકા ગરીબો અને કુપોષણના શિકાર બનેલા એવા લોકો ભારતમાં વસે છે.

દેશમાં ૬૫ વર્ષોમાં જેટલી સરકારો આવી તે બધી સરકારોએ ગરીબી ઉન્મુલનની વાતો કરી. તેને માટે જુદા જુદા કાર્યક્રમો આપ્યા અને છતાં પણ દેશમાંથી ગરીબી હટી નથી.કુપોષણ ગયું નથી.જે ખેડુત જાતે મજુરી કરીને અનાજ પકવે છે તે આપઘાત કરવા કેમ પ્રેરાય ? તે ખેડુત જ સૌથી વધુ કુપોષણનો શિકાર કેમ ?આવા પ્રશ્નોના જવાબ એ છે કે , ખેડુત અનાજ પકવે છે તે જાતે પોષ્ટીક ખોરાક નથી ખાઈ શકતો.તેના કુટુંબને નથી ખવડાવી શકતો.પોતાના બાળકોને ભણાવી નથી શકતો.

ગરીબી ખરેખર હટાવવાનો ઉપાય એ છે કે જે તે ગરીબને તે પોતાનું તથા પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવા કામમં જોતરવો.તેને આધાર કાર્ડના આધારે સીધી રોકડ સબસીડી આપવાથી,વરસમાં ૧૦૦ દિવસની રોજગારીની ગેરંટી આપવાથી કે ૩૫ કીલો અનાજ આપી દેવાથી ગરીબી દુર થઈ શકે તે વાતમાં માલ નથી.આ રીતે ગરીબીને લાંબાગાળા સુધી ટકાવી શકાય ખરી, જેમ આપણે દેશમાં આઝાદી પછી કરતાં આવ્યા છીએ અનો હજુ પણ કરી રહ્યા છીએ.અર્થશાસ્ત્રના એક સિધ્ધાંતમાં ખાડા ખોદાવીને ખાડા ભરાવતા રહેવાની વાત આવે ચે. આ કળામાં આપણે નિષ્ણાંત છીએ. ખાડા ખોદાવતા રહીએ છીએ અને ખાડા ભરાવતા રહીએ છીએ. પરંતુ ગરીબના પેટના ખાડા ભરી નથી શકાતા.

જે સહેલાઈથી તેનો બીડી,તમાકુ,દારુ વગેરે મળે છે તે સહેલાઈથી તેને દુધ,ઘી,અનાજ મળતું નથી.પ્રામાણિક અને ઉત્પાદક કામ મળતું નથી.પૌરાણિક હિન્દુ સંસ્કૃતિમાં ગૌપાલનનું મહત્વ અંકાયેલુ છે.ગરીબ ખેડુતને કેશ સબસીડીને બદલે દુધાળુ જનાવર આપવામાં આવે તો તેમાંથી જે અર્થશાસ્ત્ર નીપજે તે ગરીબી દુર કરવામાં મદદ કરી શકે.

કતલખાનાના ઉદ્યોગ માટે સબસીડીઓ અને રાહતો આપતાં આપણે એક મુદ્દાની જે વાત ભુલી જઈએ છીએ તે એ કે દુધ રોજિંદો ખોરાક છે. પૌષ્ટિક પણ છે . દુધાળું ગાય કે ભેસ દિવસમાં જેટલું દુધ આપે તેમાંથી ઘર વપરાશનું કાઢી લઈને જે તે દુધાળું પ્રાણીનો માલિક સહકારી મંડળીને,ડેરીને કે બજારમાં વેચી રોજગારી ઉભી કરે. આ રીતે તે સ્વાવલંબી બને.પગભર થાય અને ઉત્પાદક બને. ખેતીઅને પશુ પાલન આમ પરંપરાગત રીતો આપણા અર્થશાસ્ત્રના મુખ્ય અંગ રહ્યાં છે.તેની ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવે તો ગરીબી અનો રોજગારીની સમસ્યામાંથી વહેલો છુટકારો થાય.

ઉતાવળે લેવાતાં પગલાં પાછળ રાજકીય લાભ ખાટવાની મંછા હોય એ સ્વાભાવિક છે. પરંતુ અર્થશાસ્ત્રીઓ અનો સરકારો, અમલદારો અનો વ્યવસ્થાપકો વિચારે ભલે બંધ ઓરડામાં, પણ તે પહેલાં બહાર નીકળીને એકવાર ખુલ્લી આંખે વાસ્તવિકતા પણ જોઈ લે.આપણે જે પ્રગતિની, વિકાસની કે વૃધ્ધિની વાત કરી રહ્યા છીએ ત્યારે આપણે જાણીએ છીએ ખરા કે આપણે જાહેર જીવનને સ્પર્શતી કેટલીક બાબતોમાં બેન્ચ માર્ક સ્થાપિત કર્યા છે.કેટલી બાબતોમાં સ્ટાન્ડર્ડાઈઝેશન કર્યું છે.આપણી પાસે રસ્તા ઉપર બંમ્પ બનાવવાનું કોઈ ગણિત છે ?ઓવરબ્રીજ ઉપર પણ ટ્રાફિક પોઈન્ટ મુકવા પડે તેવું આયોજન દુનિયામાં ક્યાંય જોયું છે. દોઢસો કીલોમીટરના હાઈવે પર ત્રણ ત્રણ વાર,ચાર ચાર વાર ટોલટેક્ષ બુથ આવે ખરાં ? શહેરની વચ્ચોવચની આખી રેલ્વે લાઈન જાહેર શૌચાલયમાં હોય , ગમે ત્યાં થુંકવા, પેશાબ કૃટી કરવા, ગાડી સ્કુટરો આડેઘડ ઉભા કરવાની છુટ હોય, રેલ્વે પ્લેટફોર્મ અને બાગ બગીચા દારુડીયા જુગારીઓ અનો લફરાબાજોના અડ્ડા હોય.શિક્ષણશાસ્ત્રીઓને લાઈબ્રેરીની નહી, પણ સ્વીમીગ પુલોમાં ધુબાકા મારવા હોય, સ્કુલ કોલેજોને દુકાનોની જેમ ચલાવવી હોય,દવાખાનાઓમાં દવા અને ડોકરો સિવાય બધું જ હોય. ડીઝાસ્ટર મેનેજમેન્ટવાળાઓને ડીઝાસ્ટર અને અકસ્માત વચ્ચેનો ભેદ ખબર ન હોય. ગોદામોમાં અનાજ સડતું હોય.જંતુનાશકો સોફ્ટ ડ્રિંકસ અને મધ્યાય ભોજનમાં ભેળવાતાં હોય, પુલો ઈમારતો અડધી પડધી બની હોય ન બની હોય ત્યાં ધબાય નમઃ થઈ જાય. આપણી સાચી ગરીબી આ છે.આ ગરીબી દુર કરવાના પગલાં લેવાશ ત્યારે ગાંધીજીએ કહેલા છેવાડાના માણસને આપણે ધ્યાને લીધેલો કહેવાશે. આવી ગરીબી જયારે દુર થશે ત્યારે આપણપ્રગતિ કરી કહેવાશે.

આ બધું જોતાં એટલું તો ચોખ્ખું દેખાય છે કે ૨૦૧૪ની ચુંટણીઓ કદાચ વિકાસ અને સુશાસન ના મુદ્દે લડાય. ગરીબીના મુદ્દે નહી, કારણકે નેશનલ સેમ્પલ સર્વેના આંકડા મુજબ છેલ્લા થોડા વર્ષોમાં દેશની ગરીબીમાં ૧૮.૨ ટકા પોઈન્ટમાં ઘટાડો થયો છે.અને લોકોના માથાદીઠ ખર્ચમાં ૨૮ ટકા વૃધ્ધિ થઈ છે.

(પરિમલ નથવાણી, રાજય સભાના સાંસદ , સૌ.સંદેશ)

# તામિલનાડુના ૧૧૧ ખેડુતો વારાણસીમાં વડાપ્રધાન મોદી સામે ચુંટણી જંગમાં ઝંપલાવશે

તામિલનાડુના હતાહત ખેડુતોએ વડાપ્રધાન મોદી સામે ચુંટણી જંગમાં ઝંપલાવવાનું નક્કી કર્યું છે.૧૧૧ ખેડુતો તેમની સામે ઉમેદવારી કરવા માંગે છે. પોતાની માંગણીના ટેકામાં રાજધાની દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો યોજ્યા બાદ તામિલનાડુના ખેડુતો ચુંટણીની લડાઈમાં ઝુકાવવા તૈયાર થયા છે.

વારાણસી જ્યાંથી વડાપ્રધાન મોદી ચુંટણી લડનાર છે ત્યાં લોકસભાની બેઠક પરથી ૧૧૧ ખેડુતો પોતાની ઉમેદવારી નોધવાશે.તામિલનાડુના ખેડુતોના નેતા પી. અયાકન્નુએ આ વાતને સમર્થન આપ્યું હતું.તેમણે કહ્યુ હતું કે તે ભાજપ તેના ચુંટણી ઢંઢેરામાં ખેત પેદાશોને નફાકારક ભાવ આપવા સહિતની તેમની માંગણીઓને આવરી લે તે માટે વિનંતી કરવા યુપીની ચુંટણીમાંથી ઝંપલાવવાનો નિર્ણય કરાયો છે.

૨૦૧૭માં દિલ્હીમાં ૧૦૦ દિવસ સુદી આંદોલન કરનાર ખેડુતોની જવાબદારી ઉઠાવનાર ખેડુત નેતાએ કહ્યુ હતું કે જે દિવસે તે ઢંઢેરામાં સામેલ કરે તે દિવસે અમે મોદી સામેની લડાઈ પડતી મુકી દઈશું. જો તેમ નહીં કરાય તો અમે મોદી સામે ચુંટણી લડીશું.તેમના ચુંટણી લડવાના નિર્ણયને તમામ ખેડુતો અને ઓલ ઈન્ડીયા કિસાન સંઘર્ષ કોર્ડિનેશન કમિટીનું સમર્થન છે.જો કે તેઓ મોદી વિરુધ્ધ નથી.સત્તા પર આવ્યા બાદ મોદીએ અમને આપેલા વચનો પુરા કર્યા નથી.અમારી આવક બમણી કરી દેવાની ખાતરી આપી હતી.

## જાણવા જેવું !

ડોલ્ફીન સાઈઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.
મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઈંડા મુકે છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ **નીલા ફાઇનાન્સ** ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
*નીલા સી.ગામડીયા*
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# વડાપ્રધાન મોદી,નાણામંત્રી અરુણ જેટલીને અર્થતંત્રમાં ખબર જ પડતી નથી : સુબ્રમણ્યમ સ્વામી : ભાજપ સાંસદ

લોકસભાની ટિકિટ વહેચણીના માહોલમાં ભાજપ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ એક વિવાદાસ્પદ નિવેદન કર્યુ છે. વડાપ્રધાન મોદી કે નાણાંમંત્રી અરુણ જેટલી અર્થશાસ્ત્ર જાણતા નથી તેમ કહીને તેમણે કદાચ વિવાદ ઉભો કર્યો હશે.પરંતુ તેમના દાવા પ્રમાણે ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટુ અર્થતંત્ર બની ગયું છે.તેમ કહીને તેમણે આડકતરી રીતે પ્રશંશા કરી છે.તેમણે દાવો કર્યો છે કે વડાપ્રધાન મોદી કે નાણાંમંત્રી અરુણ જેટલી અર્થશાસ્ત્ર જાણતા નતી એટલે જ તેઓ ભારતને વિશ્વના પાંચમાં ક્રમના સૌથી મોટા અર્થતંત્ર તરીકે લેખાવી રહ્યા છે. જ્યારે હાલમાં ભારત ત્રીજા ક્રમનું



સૌથી મોટું અર્થતંત્ર છે.

સ્વામીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યુ કે મને નથી સમજાતું કે વડાપ્રધાન બારતને વિશ્વના પાંચમાં ક્રમનું અર્થતંત્ર કેમ ગણાવી રહ્યા છે જ્યારે જીડીપીની ગણતરી માટે વિજ્ઞાની ઢબે માન્ય પ્રક્રિયા મુજબ ભારતીય અર્થતંત્ર અમેરિકા અને ચીન પછી વિશ્વનું ત્રીજા ક્રમનું મોટું અર્થતંત્ર છે.

# ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ વડાપ્રધાનનું ચોકીદાર અભિયાનને ફગાવ્યું : "હું બ્રાહ્મણ છું, ચોકીદાર નહીંજ બનું"

લોકસભાની ચુંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૈ ભી ચોકીદાર અભિયાનની શરુઆત કરી હતી અને દેશમાં અનેક લોકો અને તેમના પક્ષના કાર્યકરો તેમાં જોડાઇ ગયા હતા પણભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ પોતાની પાર્ટીની સરકાર પર નિશાન તાક્યું હતું.ને મોદીના અભિયાનથી દુર રહેવાનું પસંદ કર્યુ હતું. સુબ્રમણ્મય સ્વામી દ્વારા અપાયેલું નિવેદન સોશ્યલ મીડીયામાં ટ્રેન્ડ કરી રહ્યું છે. હું બ્રાહ્મણ પરિવાર સાથે સબંધ ધરાવું છું એટલા માટે મે મારા નામની સાથે ચોકીદાર લખ્યું નથી.મારો ચોકીદાર મારા આદેશ અનુસાર કામ કરે છે.એવામાં હુ મારા નામની સાથે ચોકીદાર કેવી રીતે લખાવી શકું.

અહીંયા નોધવું રહ્યું કે વડાપ્રધાન મોદીએ દેશભરમાં હું પણ ચોકીદાર અભિયાન શરુ કર્યુ છે આ અભિયાન અંતગર્ત ભાજપના નેતાઓ,અમિત શાહ, અરુણ જેટલી,સુષમા સ્વરાજ અને સ્મૃતિ ઇરાની સહિત તમામ ભાજપના નેતાઓએ પોતાના ટ્વીટર એકાઉન્ટ પર પોતાના નામની આગળ ચોકીદાર શબ્દ લગાવ્યો હતો. એવામાં સુબ્રમણ્યમ સ્વામીએ આ અભિયાનમાં સામેલ નહીં થવાનું નક્કી કર્યુ છે. જે દર્શાવે છે કે એ ભાજપ વિરુધ્ધ બગાવત કરી શકે છે.

# તાજેતરમાં કોંગ્રેસ પક્ષમાં જોડાયેલ અભિનેત્રી ઉર્મિલા માંતોડકર ને સોશ્યલ મીડીયા પર કેસરી બ્રિગેડે ટ્રોલ કરતાં તેનો અભિનેત્રીએ આકરો જવાબ આપ્યો

હાલમાં જ કોંગ્રેસમાં સામેલ થયેલી અભિનેત્રી ઉર્મિલા માંતોડકરે કહ્યુ છે કે તેણે ક્યારેય પોતાનો ધર્મ બદલ્યો નથી. તેણે કહ્યુ હતું કે તેના પતિ એટલા જ ગૌરવશાળી મુસ્લીમ છે જેટલી પોતે એક ગૌરવશાળી હિન્દુ છે.એક ઇન્ટરવ્યુમાં ઉર્મિલાએ કહ્યુ હતું કે આ જ આપણા દેશની સુંદરતા છે કે વ્યક્તિ જેમ રહેવા ઇચ્છે તેમ એ રહી શકે છે. તેણે કહ્યુ હતું કે ટ્રોલ કરનારા ઇસ્લામને એક ખાસ રંગમાં રંગવાની કોશિશ કરી રહ્યા છે. મુસ્લીમ વ્યક્તિ સાથે લગ્ન અંગે ટ્રોલ કરવાની વાત અંગે ઉર્મિલાએ કહ્યુ હતું કે એવા લોકો નફરત અને બદલાની રાજનીતી કરે છે. આ દરમિયાન તેણે ભાજપના પાંચ વર્ષના કાર્યકાળ અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો.

ઉર્મિલાએ ઇન્ટરવ્યુમાં કહ્યુ હતું કે કોઇપણ વ્યક્તિ છેલ્લા પાંચ વર્ષમાં થયેલા વિકાસની વાત કરતી નથી.ટ્રોલ કરનારા લોકો એ સાબિત કર્યુ છે કે તેઓ કેટલા નીચા સ્તર સુધી જઇ શકે છે. તેણે કહ્યુ હતું કે સૌને લાગે છે કે રાજનીતિમાં એક ગ્લેમર ડોલ ( ઢીંગલી) આવી ગઇ છે. ઉર્મિલાએ



કહ્યુ હતું કે તે બોલવા કરતાં પોતાના કામથી સૌને જવાબ આપશે.તાજેતરમાં કેટલીક ફિલ્મી હસ્તીઓએ અસહિષ્ણુતાના મુદ્દે ભાજપની કેસરીયા બ્રિગેડ પર પોતાનો આક્રોશ જાહેર કર્યો હતો. પરંતુ તેમની કીચડ ઉછાળવાની પ્રવૃત્તિ બંધ થઇ નથી.જો કે ઉર્મિલાએ તેનો મુંહતોડ જવાબ આપીને હાલ પુરતી તો તેમની બોલતી બંધ કરી દીધી છે. પરંતુ જ્યારે તેમના આકાઓ ફરીથી આદેશ આપશે એટલે આ બધી બ્રિગેડ પોતાની રીત રસમો ચાલુ કરી દેશે.

## જાણવા જેવું !

સોલિડ કાર્બન ડાયોકસાઇડને ડ્રાય આઇસ તરીકે ઓળખવામાં આવે છે.તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.

# ૨૦૧૪માં ભાજપે સરકાર બનાવી હતી હવે સરકાર એનડીએ બનાવશે

કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ વરિષ્ઠ નેતા સંજય રાઉતે કહ્યુ હતું કે ૨૦૧૪માં ભાજપની સરકાર બની હતી જ્યારે આગામી સરકાર હવે એનડીએની બનશે.

શિવસેનાના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે એક વેબ પોર્ટલના કાર્યક્રમમાં જણાવ્યુ હતું કે ૨૦૧૪માં રાજકીયપરિસ્થિતિમાં ફેરફાર અંગે ધારણા રજુ કરી હતી અને પુર્વાનુમાન જાહેર કરી રહ્યો છું તેવું જણાવ્યું હતું. રાઉતે કહ્યું હતું કે ભાજપને આગામી લોકસભામાં ચુંટણીમાં લગભગ ૨૧૦ સીટ મળવાનો અંદાઝ છે. જ્યારે એનડીએને લગભગ ૩૦૦ સીટ મળશે. ભાજપની સૌથી જુની સહયોગી પાર્ટી શિવસેનાના નેતા રાઉતે કહ્યુ કે હજુ ભાજપમાં વડાપ્રધાન મોદીનો કોઇ વિકલ્પ દેખાઇ રહ્યો નથી. પરંતુ જો ભાજપ ૨૦૦થી ઓછી સીટ મેળવે છે તો આગામી વડાપ્રધાનનું નામ નક્કી



કરવામાં એનડીએના સાથી દળોન ભુમિકા મહત્વની રહેશે.રાઉતે કહ્યુ હતું કે સાડા ત્રણ વર્ષમાં કે કહ્યું દતું કે ૨૦૧૪માં દેશની પરિસ્થિતિ અને ૨૦૧૯ની પરિસ્થિતિમાં ફર્ક છે.તેમણે કહ્યું હતું કે હવે લોકો સ્થિર સરકાર ઇચ્છે છે. જો કે તેમની માન્યતા પ્રમાણે હજુ પણ ચુંટણી એધાણો પ્રમાણે એનડીએને બહુમતી મળવી શક્ય નથી.


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.
## અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.